# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


**પરિપત્ર**

વિષય : રાજ્ય કક્ષાનો એન.એસ.એસ. ઝોનલ કેમ્પ મુલતવી રાખવા બાબત.

સંદર્ભ : ૧) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૨૩/૨૦૧૮–૧૯, તા.૦૨/૦૮/૨૦૧૮.

૨) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૪૮/૨૦૧૮–૧૯, તા.૧૦/૦૮/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ને જણાવવાનું કે એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ વિભાગ –ગાંધીનગર દ્વારા આયોજીત ત્રિદિવસીય એન.એસ.એસ. ઝોનલ કેમ્પ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ ના યજમાનપદે તા.૧૭ થી ૧૯ ઓગષ્ટ, ૨૦૧૮ દરમિયાન નોબલ ગૃપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ, ભેંસાણ રોડ, જૂનાગઢ ખાતે આયોજીત કરવાનું નિર્ધારીત કરવામાં આવેલ હતુ.

આપણા દેશનાં માન.પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી અટલબિહારી વાજપાઈજી નું તા.૧૬/૦૮/૨૦૧૮, ગુરૂવાર ના રોજ દુઃખદ નિધન થતાં ભારત સરકારશ્રી દ્વારા ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરેલ હોવાથી એન.એસ.એસ. ઝોનલ કેમ્પ મુલતવી રાખેલ છે. એન.એસ.એસ. ઝોનલ કેમ્પનાં હવે પછીના આયોજન અંગેની સંભવિત તારીખ ૧૦ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ વિચારણા હેઠળ છે, જે કન્ફર્મ થયે હવે પછી જાહેર કરવામાં આવશે. જેની અત્રેની યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સે નોંધ લેવી.

પ્રો. કો–ઓર્ડિનેટર,
એન.એસ.એસ. વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.,
જુનાગઢ.

ક્રમાંકઃ બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૫૦/૨૦૧૮–૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૧૮/૦૮/૨૦૧૮

પ્રતિ,
– ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ...

**નકલ સાદર રવાના :**

– માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

– આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ...